# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 2830-5 તારીખ : 16-4-19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
શામજીભાઈ જેઠાભાઈ ભરડવા
મું. પો. : નાવદ્રા, તા. : કલ્યાણપુર , જી. : દેવભૂમિ દ્વારકા,
મોબાઈલ : ૯૭૧૪૧ ૯૧૦૯૫
Pin-361320

વિષય : લાઈન મેન્ટેનન્સ.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૮-૦૨-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૬/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

HB

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, દ્વારકા.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com, E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/ક્વા–૦૪/૧૮–૧૯/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૬/ક્વા–૦૪/૧૮–૧૯

અરજદાર: **શામજી જેઠાભાઈ ભરડવા ગામ: નાવદ્રા**

રજૂઆત કરનાર: અરજદાર શામજી જેઠાભાઈ ભરડવા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી દ્વારકા

રજૂઆત કરનાર: શ્રી કે.સી.ચૌહાણ કાર્યપાલક ઈજનેર – વિભાગીય કચેરી દ્વારકા

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – જામનગર

તારીખ: ૦૯/૦૪/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯/૦૪/૨૦૧૯ ના રોજ ફોરમ કમિટી સમક્ષ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શામજીભાઈ જેઠાભાઈ ભરડવા, ગામ:: નાવદ્રા ની અરજી ના નોંધણી નંબર :૫૬/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં. – ૮૨૪૬૯/૦૦૩૧૬/૪ થી ધરાવે છે. જે લાઈન ખૂબજ જોખમ રૂપ હોય – જેના મેન્ટેનન્સ માટે ની ફરીયાદ કરવા છતા નિરાકરણ ન થતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ શ્રી શામજીભાઈ જેઠાભાઇ ભરડવા દ્વારા ભાટિયા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. નાવદ્રા ખાતે વીજ લાઇન મેંન્ટેનન્સ માટે રજૂઆત કરેલ છે. સદર બાબતના અનુસંધાને જણાવવાનું કે,અરજદારની રજૂઆત મુજબ ભાટિયા પેટા વિભાગીય કચેરી દ્વારા સર્વે માટે રૂબરૂ સ્થળ તપાસ કરી સર્વે મુજબ જરૂરી પ્રોજેક્ટ નં.251533 થી મંજૂરી મળેલ છે. મંજૂરી મળેલ પ્રોજેક્ટ મુજબ ની સમારકામની કામગીરી દિવસ ૩૦ માં પૂર્ણ કરી આપવામાં આવશે.

## : હુકમ:

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, અરજદાર ઘણા વર્ષો થી ૦૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. તેમજ આ જોડાણ હાલ માં ૬૩ કેવીએના ટ્રાન્સફોર્મર માથી એલ.ટી. વીજલાઈન મારફત અપાયેલ છે. તેમજ આ ટ્રાન્સફોર્મર માથી ૦૭(સાત) ગ્રાહકો ના ગ્રુપ ને એલ.ટી. વીજલાઈન મારફત જુદી–જુદી જગ્યાએ જોડાણ અપાયેલ છે.

૪.૨ અરજદાર ની વીજલાઈન સમારકામ માટે ની ફરીયાદ ના અનુસંધાને – પેટા વિભાગીય કચેરી દ્રારા સ્થળ તપાસ કરતા ફરીયાદી અરજદાર ને એલ.ટી. વીજલાઈન મા નિયમાધીન રીતે વોલ્ટેજ રેગ્યુલેશન મળતા નથી. જેના અનુસંધાને – પેટા વિભાગીય કચેરી દ્રારા સદર ટ્રાન્સફોર્મર નાં વિભાજન ની જરૂરીયાત જણાતા, પ્રોજેક્ટ નં.–૨૫૧૩૩ થી નવી એચ.ટી. લાઈન તથા ટ્રાન્સફોર્મર માથી એચ.વી.ડી.એસ. સીસ્ટમ મુજબ – સીધુજ વીજજોડાણ આપી શકાય તે માટે પ્રવર્તમાન સાગરખેડુ યોજના હેઠળ પેટા વિભાગીય કચેરી દ્રારા દરખાસ્ત બનાવાયેલ છે. જે વિભાગીય કચેરી દ્રારા મંજુર કરાયેલ છે. જે અનુસંધાને – કાર્યપાલક ઈજનેર શ્રી ની સાથે લેખીત તેમજ મૌખિક રજુઆત મુજબ – નવા ટ્રાન્સફોર્મર આપવાની કાર્યવાહી દિન–૧૫ મા પૂર્ણ કરવાની ખાતરી આપેલ છે.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર ને એચ.વી.ડી.એસ. સીસ્ટમ મુજબ – નવા ટ્રાન્સફોર્મર માથી દિન–૧૫ મા વીજજોડાણ ટ્રાન્સફર થઈ જાય તે પ્રકારની કામગીરી કરવા માટે જરૂરી સુચના આપવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદને આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સ્વતંત્ર સભ્ય

(જે. બી. પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot